# CRU NEWSLETTER

*A newsletter for friends of CRU Gandhinagar*

Children's RESEARCH UNIVERSITY

2024-2025, Volume I, Issue - V
May, 2025

Editor : Dr. Rajesh Chauhan

## UNIVERSITY HIGHLIGHTS

તા. ૧-૫-૨૦૨૫

### ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી ખાતે 'સામૂહિક સીમંતોન્નયન સંસ્કાર'નું આયોજન કરવામાં આવ્યું




ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી, ગાંધીનગર ખાતે તપોવન કેન્દ્રનાં લાભાર્થી સગર્ભા બહેનો તેમજ તપોવન કેન્દ્ર સિવાયનાં અન્ય સગર્ભા બહેનો માટે સાતમા સામૂહિક સીમંતોન્નયન સંસ્કાર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પવિત્ર અને વૈદિક વિધિવત્ સંસ્કાર પ્રસંગે સગર્ભા માતાઓ અને તેમના ગર્ભસ્થ શિશુના આરોગ્ય, સુખ અને સ્નેહમય જીવન માટે મંત્રોચ્ચાર અને વિશેષ વિધિઓ દ્વારા આ શુભ સંસ્કાર સંપન્ન થયો હતો. આ કાર્યક્રમમાં ૨૨ દંપતીઓએ ભાગ લીધો હતો.

યુનિવર્સિટીના માનનીય કુલપતિશ્રીના માર્ગદર્શનમાં આ કાર્યક્રમનું આયોજન થયું હતું.

સીમંતોન્નયન સંસ્કારની શાસ્ત્રોક્ત વિધિ યુનિવર્સિટીના શિક્ષક જયદેવ ધાંધિયા દ્વારા પૂર્ણ કરાવવામાં આવી હતી.

આ કાર્યક્રમના સંયોજક તરીકે ડૉ. વૃંદન જયસ્વાલ અને સહસંયોજક તરીકે ડૉ. જલ્પાબેન પટેલે ભૂમિકા ભજવી હતી. સમગ્ર કાર્યક્રમ માટે વિભાગના અધ્યક્ષ ડૉ. રાકેશ પટેલે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. કાર્યક્રમના અંતે દરેક સગર્ભા બહેનને પ્રમાણપત્ર આપવામાં આવ્યું હતું.



તા. ૨૮ થી ૦૩ મે, ૨૦૨૫

### ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી દ્વારા ઓનલાઇન સમર કેમ્પ 'કલામૃતમ્ ૨૦૨૫' યોજાયો



વૅકેશનમાં બાળકો ઘરે બેઠાં આનંદ અને ગમ્મત સાથે પ્રવૃત્તિલક્ષી મનોરંજન અને શિક્ષણ પ્રાપ્ત કરે એવા ઉદ્દેશ્યથી ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટીના માનનીય કુલપતિશ્રી ડૉ. ટી.એસ. જોશી અને કુલસચિવશ્રી ડૉ. નીલેશભાઈ પંડ્યાના માર્ગદર્શનમાં ઓનલાઇન સમર કેમ્પ 'કલામૃતમ્ ૨૦૨૫' બાયસેગના માધ્યમથી યોજાયો હતો. દસ દિવસનો આ સમરકૅમ્પ બાળકોએ વંદે ગુજરાત ચેનલ નંબર ૫ તથા ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટીની યૂટ્યૂબ ચેનલ અને ફેસબુક લાઈવના માધ્યમથી નિહાળ્યો હતો. સમર કૅમ્પમાં બાળકો પોતાની કૃતિઓ ઓનલાઇન મોકલી શકે અને સંવાદ કરી શકે તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી.

દસ દિવસના આ સમર કૅમ્પમાં ગીત સંગીત, ચિત્રકામ, નાટ્ય કલા, વાર્તા કથન, રમકડા સર્જન, વિજ્ઞાન અજબ ગજબ, વેસ્ટમાંથી બેસ્ટ, પપેટ શો તથા છેલ્લા દિવસે મેજિક શો દ્વારા સમાપન કરવામાં આવ્યું હતું. આ સમર કૅમ્પના સંયોજક ડૉ. કૃણાલ પંચાલે જણાવ્યું હતું કે, ગુજરાતના ૪૧,૦૦૦થી વધારે બાળકોએ યૂટ્યૂબ અને ફેસબુકના માધ્યમથી આ સમર કૅમ્પને નિહાળ્યો હતો. તજ્જ્ઞોએ બાળકોના વૅકેશનને ધ્યાનમાં રાખીને આનંદ સાથે એક અનોખો અનુભવ પૂરો પાડ્યો હતો.

તા. ૨૮-૦૪ થી ૦૯ મે, ૨૦૨૫

## 'કલામૃતમ્-૨૦૨૫' સમર કેમ્પની સમાપન વિધિમાં બાળકોએ કલાના કૌશલ્યનું પ્રદર્શન કર્યું



ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી દ્વારા ઉનાળુ વેકેશન દરમિયાન બાળકોની સર્જનાત્મકતા ખીલવવા માટે ૧૩ દિવસીય કલામૃતમ્ સમર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. સમર કેમ્પની સમાપન વિધિ ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના હૉલમાં રાખવામાં આવી હતી, જ્યાં તેર દિવસની તાલીમના અંતે વિદ્યાર્થીઓએ પોતાની કલાનું કૌશલ્ય દેખાડ્યું હતું. આ પ્રસંગે યુનિવર્સિટીના માનનીય કુલપતિશ્રી સહિત મહાનુભાવો અને મોટી સંખ્યામાં વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા.

કલામૃતમ્ સમર કેમ્પમાં બાળકોને મ્યુઝિક, ડ્રોઈંગ, ભારતીય રમતો, ચેસ, વોલીબૉલ, નાટ્યકળા, નૃત્યકળા, ફોટોગ્રાફી, ટોયમેકિંગ, અંગ્રેજી ભાષા સજ્જતા વિષયની તાલીમ વિદ્યાર્થીઓને આપવામાં આવી હતી, જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. સમાપન વિધિમાં બાળકોએ પોતાની નૃત્યકળા, નાટક, સંગીત અને ઈંગ્લિશ સ્પીકિંગ જેવી કળાઓનું પ્રદર્શન ઉપસ્થિત મહેમાનો સમક્ષ કર્યું હતું. આ ઉપરાંત બાળકોએ કલાશિબિર દરમિયાન બનાવેલાં ચિત્રો, ફોટોગ્રાફી અને રમકડાંઓનું પ્રદર્શન પણ રાખવામાં આવ્યું હતું.

આ પ્રસંગે યુનિવર્સિટીના માનનીય કુલપતિશ્રીએ બાળકોને આશીર્વાદ આપતાં કહ્યું કે, "આ કેમ્પ બાળકોની અંદરની અભિવ્યક્તિને બહાર લાવવાનો મંચ છે. બાળકોની ખુશી અને આત્મવિશ્વાસ એ અમારું સૌથી મોટું ઇનામ છે." વધુમાં તેઓએ સમગ્ર કલામૃતમ્ સમર કેમ્પના સફળ આયોજન માટે સંયોજકશ્રી જયદેવ ધાંધિયા અને સમગ્ર ટીમને અભિનંદન પાઠવ્યાં હતાં.



તા. ૨૮-૦૪ થી ૦૯ મે, ૨૦૨૫

## અન્વેષણ વિજ્ઞાન કાર્યશાળાનું આયોજન

અન્વેષણ વિજ્ઞાન કાર્યશાળાનું આયોજન તા. ૨૮/૦૪/૨૦૨૫ થી ૯/૦૫/૨૦૨૫ સુધી કરવામાં આવ્યું હતું, જે દરરોજ ત્રણ કલાક માટે યોજાયું હતું. આ કાર્યશાળાનું આયોજન અને સંચાલન ડો. હર્ષુલ બ્રહ્મભટ્ટ, આસિસ્ટન્ટ પ્રોફેસર, ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી/સ્કૂલ એજ્યુકેશન દ્વારા કરવામાં આવ્યું હતું. આ ૧૨ દિવસની કાર્યશાળામાં વિવિધ વિષયોની વિશિષ્ટ વર્કશૉપ્સ અને સત્રો યોજાયાં હતાં, જેમાં યુનિવર્સિટી અને બહારના વિશેષજ્ઞો દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.



પ્રથમ દિવસે, તા. ૨૮/૦૪/૨૦૨૫ના રોજ 'હેન્ડ્સ-ઓન ફિઝિક્સ ઍક્ટિવિટીઝ વિથ કોન્સેપ્ટ્સ ફ્રોમ બેઝિક ઇલેક્ટ્રોનિક્સ' Hands-on Physics activities with concepts from basic electronics નું સત્ર સાહનશ ફાઉન્ડેશન દ્વારા રજૂ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ, તા. ૨૯/૦૪/૨૦૨૫ના રોજ 'જાદુઈ પિટારા' (રસાયણ વિષયક પ્રવૃત્તિઓ) વિષય પર વર્કશોપ યોજાયું હતું. તે બાદ તા. ૩૦/૦૪/૨૦૨૫ના રોજ 'ગણિત વિષયક પ્રવૃત્તિઓ' grade ૬ થી ૮ માટે યોજાયું હતું. ૧ મે, ૨૦૨૫ના રોજ 'ઑટોમેશન અને ડ્રોન' Automation and Drone વિષય પર વર્કશોપ યોજાયું હતું. ૨ મએ, ૨૦૨૫ના રોજ 'ડિઝાઈન થિંકિંગ' Design Thinking પર અનુસંધાન આપવામાં આવ્યું હતું, જે અનંત ડિઝાઈન સ્કૂલ દ્વારા યોજાયું હતું. ૩ મેએ, ૨૦૨૫ના રોજ 'ઇન્ટ્રોડક્ટરી ફોલ્ડ એન્ડ ફન મૉડલ્સ' Introductory fold and fun models. વિષય પર સત્ર લેવામાં આવ્યું હતું.

વિશ્વની Geometrical Visualizations અને ઓરીગામી પ્રક્રિયાની સમજ માટે, ૬ મે, ૨૦૨૫ના રોજ '3D આકારની જિયોમેટ્રિક વિઝ્યુઅલાઈઝેશન અને પોતાનો કસ્ટમાઈઝ્ડ 3D આકાર બનાવવો' Geometric visualization of 3D shapes and learning to identify the properties of geometry in the origami process. creating your own customized 3D shapes. વિષય પર સત્ર યોજાયું હતું.

આ કાર્યશાળાના અંતે, તા. ૯/૦૫/૨૦૨૫ના રોજ વિદ્યાર્થીઓ દ્વારા પ્રદર્શન યોજવામાં આવ્યું હતું, જેમાં દરેક વિદ્યાર્થીએ પોતાના કાર્યને પ્રદર્શિત કર્યું હતું. આ કાર્યશાળાનો ઉદ્દેશ વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક અને ક્રિએટિવ વિચારશક્તિનો વિકાસ કરવાનો હતો, જે તેમને તેમના અભ્યાસમાં પણ મદદ કરે.

૧૨ થી ૩૧ મે, ૨૦૨૫

## ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી દ્વારા ઉનાળુ વેકેશન દરમિયાન વાંચન, કથક અને ટેક શાળા સમર કેમ્પનું આયોજન



બાળકોના સર્વાંગી વિકાસ અને સર્જનાત્મકતાને પ્રોત્સાહન આપવા માટે ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી દ્વારા ઉનાળુ વેકેશન દરમિયાન ત્રણ પ્રકારના સમર કેમ્પનું આયોજન તારીખ ૧૨ મે, ૨૦૨૫ થી ૩૧ મે, ૨૦૨૫ સુધી રોજ સવારે ૯:૦૦ થી ૧૧:૩૦ કલાક દરમિયાન કરવામાં આવ્યું હતું. ધોરણ ૩થી ઉપરના કોઈ પણ વિદ્યાર્થી પોતાની રુચિ અનુસાર સમર કેમ્પમાં જોડાયા હતા.

સમર કેમ્પમાં વાંચન અને વાર્તા શિબિરમાં બાળકોમાં વાંચનની રુચિ વિકસાવવા, ભાષાજ્ઞાન વધારવા તથા વાર્તાલેખન અને વાર્તાવાચન જેવી કળાઓમાં શીખવામાં આવી હતી. જ્યારે નૃત્યકલા શિબિરમાં બાળકોને ભારતીય પરંપરાગત નૃત્યકલા ‘કથક’ના માધ્યમથી અભિવ્યક્તિના વિકાસ માટે તેમજ ટેક શાળા શિબિરમાં બાળકોને કોડિંગ, ટેક્નોલૉજી સાથે પરિચય તથા ડિજિટલ કુશળતાની તાલીમ આપી હતી.





તા. ૧૨ થી ૨૨ મે, ૨૦૨૫

## દસ દિવસીય વર્કશોપ ‘ટેક-શાલા’નું આયોજન



બાલભવન વિભાગ, ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી અને તેના નોલેજ પાર્ટનર STEMBOTIX દ્વારા સાથે મળીને ૧૦ દિવસીય વર્કશૉપ ‘ટેક-શાલા’નું ૧૨ મેથી ૨૨ મે ૨૦૨૫ દરમિયાન સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્કશૉપ ખાસ કરીને ૧૪થી ૧૮ વર્ષના વિદ્યાર્થીઓ માટે ડિઝાઇન કરવામાં આવી હતી, જેનો ઉદ્દેશ્ય તેમને આધુનિક તકનીકોમાં તાજેતરની પ્રગતિઓ, નવીનતાઓ અને વ્યવહારુ ઍપ્લિકેશનો વિશે શિક્ષિત કરવાનો હતો.

આસિસ્ટન્ટ પ્રોફેસર શ્રી રાજેશ વાંસદડિયા અને શ્રી પંકજ ગોંડલિયાના સંકલન હેઠળ વર્કશોપમાં કોડિંગ, રોબોટિક્સ, 3D ડિઝાઇનિંગ અને પ્રિન્ટિંગ, ઇન્ટરનેટ ઓફ થિંગ્સ (IoT), આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI), ઓગમેન્ટેડ અને વર્ચ્યુઅલ રિયાલિટી (AR/VR) સહિતના વિષયોની વિશાળ શ્રેણી આવરી લેવામાં આવી હતી. દરેક સત્રમાં સૈદ્ધાંતિક જ્ઞાન અને હેન્ડ્સ-ઓન ઍક્ટિવિટી એમ બંને દ્વારા શિક્ષણ આપવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓને ઇન્ટરેક્ટિવ પ્રવૃત્તિઓ અને પ્રોજેક્ટ્સ દ્વારા અન્વેષણ કરવા અને નવીનતા લાવવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

સહભાગીઓને રોબોટિક મૉડલ્સ બનાવવા, સરળ પ્રોગ્રામ્સ કોડિંગ કરવા, 3D મૉડલ્સ ડિઝાઇન કરવા, સેન્સર-આધારિત IoT ઍપ્લિકેશન્સને સમજવામાં અને અત્યાધુનિક AR/VR સિમ્યુલેશનનો અનુભવ કરવામાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વર્કશૉપે એક ઉત્તેજક શિક્ષણનું વાતાવરણ બનાવ્યું, જેણે યુવા શીખનારાઓમાં જિજ્ઞાસા, સર્જનાત્મકતા અને વિવેચનાત્મક વિચારસરણીને વેગ આપ્યો.

આ પહેલનો ઉદ્દેશ્ય શાળા-સ્તરના શિક્ષણ અને વાસ્તવિક-વિશ્વની ટેક્નોલૉજીની જાણકારી વચ્ચેના અંતરને દૂર કરવાનો હતો. વર્કશૉપની સફળ સમાપ્તિ પર તમામ વિદ્યાર્થીઓને સહભાગિતા અને શીખવાની પ્રેરણા માટે પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યાં હતાં.

‘ટેક-શાલા’ એક સમૃદ્ધ અનુભવ સાબિત થયો, જેણે ભવિષ્યના સંશોધકો અને ટેક્નોલૉજિસ્ટ માટે મજબૂત પાયો નાખ્યો.





તા. ૧૫ થી ૩૧ મે, ૨૦૨૫

## ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી દ્વારા બાળકો માટે 'કથક' સમર કેમ્પનું આયોજન

કથક નૃત્યશૈલી ભારતની આધ્યાત્મિક અને સાંસ્કૃતિક વારસાની જીવંત પરંપરા છે.

એ જ પરંપરાને આગળ વધારતાં, ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી દ્વારા ઉનાળાના વેકેશન દરમિયાન બાળકો માટે વિશિષ્ટ કથક નૃત્યશાળા 'નૃત્યમંજરી'નું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કથક નૃત્યશાળા તારીખ ૧૫ મેથી ૩૧ મે ૨૦૨૫ દરરોજ સવારે ૯ થી ૧૨ વાગ્યા સુધી યુનિવર્સિટી પરિસર ખાતે યોજાઈ હતી.

આ નૃત્યશાળામાં ધોરણ ૩ કે તેથી ઉપરના ધોરણમાં અભ્યાસ કરતાં બાળકોએ ભાગ લીધો હતો.

આ નૃત્યશાળાનો હેતુ બાળકોમાં ભારતીય નૃત્યકલા પ્રત્યે રસ, અભિનયક્ષમતા અને શિસ્તના ગુણો વિકસાવવાનો હતો.




તા. ૧૮-૫-૨૦૨૫

## હેપી સ્ટ્રીટ્સનું આયોજન

૧૮ મે ૨૦૨૫ના રોજ Times of India, Children's Research University, Gandhinagar Municipal Corporation, R& H Group, Cartec Honda, અને GVFL દ્વારા આરોગ્ય ભાગીદાર તરીકે રાધે મલ્ટિસ્પેશિયાલિટી હૉસ્પિટલ સાથે ભાગીદારી કરીને હેપી સ્ટ્રીટ્સનું સેન્ટ્રલ વિસ્ટા ગાર્ડન, ઘ-૪ ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં CPRતાલીમનું સંચાલન કર્યુ હતું. જે કટોકટીમાં દરેક સેકન્ડ કેટલી જટિલ હોઈ શકે છે તેનું મહત્ત્વ દર્શાવે છે. અમે જે શીખવ્યું હતું તે કોઈ પણ વ્યક્તિનું આવા સમયમાં જીવન બચાવી શકે છે.





ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી દ્વારા બે ટોયવાનમાં વિવિધ પ્રકારનાં રમકડાં તેમજ વિજ્ઞાન અને ગણિતને લગતા મૉડેલ્સ બાળકો માટે પ્રદર્શનમાં મૂકવામાં આવ્યાં હતાં. આ સિવાય બચપનગલી ખાતે ગીલી-દંડો, ભમરડા, લખોટી જેવી પૌરાણિક રમતો બાળકોને રમાડવામાં આવી હતી. વિદ્યાવાટિકા દ્વારા નાનાં બાળકો માટે ચિત્રો તેમજ વેસ્ટમાંથી બેસ્ટ બનાવવાની પ્રવૃતિઓનું આયોજન કરવામાં આવ્યું હતું.





